ॐ

અષ્ટપદી.

વલ્લભ વિષી નામની ચોપડીમાંથી કાઢીને
વગર વિચારૂ ભક્તોને વિચારવા સારૂ

છપાવનાર
મોક્ષમારગી, ગીરધરલાલ મોતીલાલ તથા
મોક્ષમારગી, ભીખાભાઈ લાલભાઈ.
ઠે. ફતેપર મોઢેરી છીપવાડ, મુ. ભરૂચ.

પ્રથમાવૃત્તિ. સંવત ૧૯૮૦. સને ૧૯૨૪. પ્રત ૩૪૦૦.

અમદાવાદ-ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કીંમત ૬ આના.

પેહેલું વાંચો.

અષ્ટપદી કાઢવાનું પ્રયોજન.

ધર્માસ્તિક ભગ્તોને વિચારવા સારૂ વલ્લભ વિષ્ટી નામના પુસ્તકમાંથી આ આઠ પદો કાઢી લેઈ જુદાં છપાવેલાં છે, તે વાંચીને પુર્ણ વિચાર વડે સમજવાનું છે, કે હાલ શીવ, શક્તિને વિષ્ણુનો ધર્મ (માર્ગ) આપણા ભરતખંડમાં ધમધોકાર ચાલી રહ્યો છે. તેમની સેવા ભગ્તિ હાલ આપણ કરીએ છીએ તે સવળી કરીએ છીએ કે અવળી કરીએ છીએ, એટલું વિચારવા સારૂ આ લઘુ પુસ્તક બ્હાર પાડયું છે.

કેટલાક વિચાર વિનાના માણુસો વાંચતામાં જ બોલશે કે આતો નાસ્તિકનું લખાણ છે. કેટલાક કહેશે કે આતો સર્વ ધર્મનું ખન્ડન કર્યું છે.

ના—ના. વિચાર શક્તિ ઉત્પન્ન કરવાનું ને બુદ્ધિ વડે ન્યાયને જાણવાનું લખાણ છે, હાલનો ભગ્તી ભાવ કળ-યુગે બરોબર રાખ્યો છે કે ફેરફાર કરાવ્યો છે. તે સર્વને સમજવા સારૂ પ્રસીદ્ધ કરીએ છીએ.

આ પદોના ખુલાસા આજથી ત્રણ માસ પછી બાહાર પાડવામાં આવશે. છતાં કોઈને ખુલાસા આપવા હોય તો નીચેને સીરનામે આપવા. હાલમાં અજ્ઞાનીઓની સમજ શક્તિને અને અવળી ભગ્તિ ઘણી ચાલે છે, તેને સુધારવા સારૂ આ આઠ પદ બ્હાર પાડયાં છે.

સીરનામું:—વ્યાસજી વલ્લભરામ સુર્યરામ.

ઠે. રાયપુર પખાલીની પોળ. મુ. અમદાવાદ.

પદ પેહેલું.

રાગ સોહદનો ઉર્ફે સૈદાનો.

રચિત.

વ્યાસજી, વલ્લભરામ સુર્યરામ.

વદે વિષ્ણુ શીવ શક્તી રે, ઝાલી જગ્તે અવળ ભગ્તીરે. ટે
એક સમે વિષ્ણુ શીવ શક્તી, બેઠેલાં આનંદ ભેર,
તેવામાં એવી વારતા ચાલી, કળીયુગે કીધો કેહેર,
થશે દુનીયા વા ફકતી રે, ઝાલી જગ્તે અવળ ભગ્તીરે. ૧
વિષ્ણુ વદીયા મોઢા ઉપરથી, સૌ જપે મ્હારૂં નામ,
પણ કોઇને નથી જરૂર મ્હારી, લક્ષ્મીનું છે કામ.
તેના પર આંખ્યો ચક્તી રે, ઝાલી જગ્તે અવળ ભગ્તી રે. ૨
માહાદેવ કહે માહારો મહીમા, ગુણ હીને કર્યો ગેબ,
માહારીને પાર્વતી સતીની, વગોવી વિશ્વમાં એબ.
કીર્તિ કરી શ્વાનને લગ્તી રે, ઝાલી જગ્તે અવળ ભગ્તી રે. ૩
અંબીકા કહે હું જગત જનુની, અલબેલી પાડયું નામ;
ભવૈ કરીને ભુંડુ બોલે, હીંસા કરે મુજ ઠામ.
આંતરડી તે ધગ ધગ્તી રે, ઝાલી જગ્તે અવળ ભગ્તી રે. ૪
જોગી ભોગી સંતને માહાનંત, વિપ્રોને વિદ્વાન,
અવળું સમજી સમજાવે અવળું, કળીએ કર્યા બે ભાન.
વંઠી ગઇ વિશ્વની વ્યકતી રે, ઝાલી જગ્તે અવળ ભગ્તી રે. ૫

પદ ૨ જું.

રાગ ઉપરનો.

નથી લાગ્યો ધર્મનો નેડો રે, હોઢયો અંધાર પછેડો રે. ટેક.
કેહે છે કળયુગે કેશવ કીર્તન, બીજુ ત્રીજુ નહી કામ,
જ્ઞાનને ધ્યાનની જરૂર નથી, તત્વ તાબોટાને નામ.
પાર પડી જાશે બેડો રે, હોઢયો અંધાર પછેડો રે. ૧
હરી ફરી કરી નામની ભગ્તી, તેથી જો કલ્યાણુ થાય,
ભોજન કહ્યે ભુખ ભાગે તો, કોઈ રાંધીને ન ખાય.
નકામો નામનો કેડો રે, હોઢયો અંધાર પછેડો રે. ૨
અગ્ની અગ્ની લખી ચીઠીયો ઘાલો, રૂના ઢગલા માંય,
તેથી અગ્ની કદી ન પ્રગટે, પ્રકાશ પણુ ના થાય.
પ્રગટયા વણુ ઘી શીદ રેડો રે, હોઢયો અંધાર પછેડોરે. ૩
એકલાં નામે મોક્ષ મળે તો, યાત્રાએ શીદ જાય,
ડેરામાં દર્શણુ કોઈ કરે ના, શીદ નદીમાં ન્હાય,
ભજન કરવા શીદ તેડો રે, હોઢયો અંધાર પછેડો રે. ૪
જ્ઞાની ધ્યાની સંત મહાત્માનો, સત્સંગ શીદ સૌ ચ્હાય,
ગુરૂની કંઠી કોઈ ન બાંધે, શીષ્ય થવા કોણુ ચ્હાય.
જો આવે નામે નિવેડો રે, હોઢયો અંધાર પછેડો રે. ૫
વેદ શાસ્ત્રને શ્રુતી સમર્તી, પુરાણુને કથાય,
નામે તરે તો ગ્રંથ નકામા, બોળાવો પાણી માંય;
નામે આવી રેહેશે છેડો રે, હોઢયો અંધાર પછેડો રે. ૬

નામ ભજનથી દેહ બંધ છુટે, અજ્ઞાની કેહે છે એમ,
તે સત્ય હોય તો પાંજરીએથી, પોપટ છુટે ન કેમ.
જ્ઞાન કાન્ડને શીદ ફેડો રે, હોઢયો અંધાર પછેડો રે. ૭
વિચારવણુ બુદ્ધી બંધાણી, ન જોઈ કોઈ ગીતાય,
વ્યાસને વેદ વદે જ્ઞાન વિના, ડુબી ગઈ દુનીઆય.
નામે ખંખેર્યો ખેડો રે, હોઢયો અંધાર પછેડો રે. ૮

પુષ્ટી પદ.

વેચશું ભગ્તીના નાંણાં એ રાગ.

જ્ઞાન વિનાનું ઘેલું, ભજન છે, જ્ઞાન વિનાનું ઘેલું. ટેક.
અંધ શ્રદ્ધાળુ ધંધામાં અંધા, નામમાં સમજ્યા સેલું,
કુદશું નાચશું તાબોટા પાડશું, આવશે વૈમાન વેહેલુ. ભ૦ ૧
ઝાંઝે વગાડશું રાશ લીલા માંડશું, વૈકુંઠ પામશું પેહેલું,
કેહેતા દીવાનાને સુનતા દીવાના, વ્યાસ વદે એતો મન મેલુ. ભ૦૨

પદ ૩ જું.

રાગ સોહનો.

હળાહળ કળયુગ આવ્યો રે, પ્રભુએ સંદેશો કાહાવ્યોરે. ટેક.
કળીયુગના કુઢંગી કવિયો, કથે કપોળ કલ્પીત,
જુઠાં ઉમેરણુ કરે આખ્યાનમાં, મુરખ થાય ચકીત,
લક્ષ્મી સારૂ જીવ લલચાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યોરે. ૧

કેહેતા દીવાના સુણતા શાણા, વાંચી કરજો વિચાર,
મુરખીને દેવી નીચી પદવી, સુણનારા બુદ્ધી બ્હાર.
ગાડરીયો પ્રવાહ ચલાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યોરે. ૨

ગોરા કુંભારનું આખ્યાન કીધું, ઘાલ્યું રસાતાળ,
મુજને માટીની ગાર ગુંદાવી, બનાવ્યો ખર ગોવાળ,
કેવો કવિઓએ ઠરાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૩

અમરીષ રાજાનું દેણુ હળાવ્યું, પંખો કરવ્યો મુજ પાસ,
મેં માહારે પંડે શું એવું કીધું, કેમ ન મોકલું દાસ.
છતાં મને પંખો ઝલાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૪

રોઈદાસનાં ચાંમડાં મેં ધોયાં, શું હું થયો ચમાર,
એવાં ઉમેરણુ સાચાં માને, માનનારા ગમાર.
ધુતારાએ ઢાંગ ઉઠાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૫

ભગ્તોને કામે સેવક મોકલું, ઘણા નીપજાવું દાસ,
નેમા ભગતનું છાપરૂ છાયું, હું શું હતો ખલાસ;
કેવો મને ચાક ચઢાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૬

એક સ્થળે સુઆવડ કીધી, કેવું મુકયું કલંક,
જ્યાં ત્યાં નીચી પદવી આપી, વાળ્યો આડો અંક;
પુરણુ અગની પ્રજળાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૭

સેના ભગત થઈ કોથળી લીધી, ટપટપીયું ને છોર,
પથરી કાતર ચીમટો લીધો, નરેણી લીધા નોર;
જુઓ મને ઘાંયજો બનાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૮

આધવદાસ જગંનાથ પુરી, તેનો કીધો કુતર્ક,
મેં પંન્ડે શું સેવા કીધી, વાળ્યું અઘેલું નર્ક;
મને ભંગીયામાં ભળાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૯

સજના નામનો કસૈ હતો, માંઉશ માટી વેચનાર,
તે માંઉશ વેચવા કાટલું ઠરાવ્યો, અફળ કર્યો અવતાર;
નીચાં કામોમાં હળાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૦

ભાગવત ભારથ ને રામાયણ, બીજાં બધાં પુરાણ,
નીચી ઉપમા નથી કાંઇ આપી, કળયુગી કવિયોની કાણ;
ખોટો આરોપ ચઢાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૧

હૈયાના ફુટા બુદ્ધીના બુઠા, તેણે માન્યું સત્ય,
અજ્ઞાન અંધે કાંઈ ન વિચાર્યું, ગુમાવ્યું માહારૂં પત્ય;
પાસે રહી વગોવરાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૨

કુંભાર ઠરાવ્યો ચમાર ઠરાવ્યો, ઠરાવ્યો વળી હજામ;
કસૈનું કાટલું ભંગીમાં ભળવ્યો, દીધા ટાઢા ડામ;
ભગ્તે કેવો સાર શોધાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૩

નીચાં કામ ને નીચી વસ્તુથી, હું ઈશ્વર વિરક્ત,
પ્રેરણાથી કામ કરી શકું સહુ, હોય કો માહારો ભગ્ત;
છતાં મને વગોવરાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૪

માહારા હોય તે માહારૂં વગોણું, કરવા ન દે લગાર,
બેટા બાપનું વગોણું સુણે, તે તો કપુત કુંવાર;
ભુંડા ભગ્તે વેશ ભજાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૫

નીચાં કામનો હું કરનારો, તો શાનો જગધીસ,
માહારા ભક્તોને એવું સુણતાં, કેમ ચઢે નહી રીસ;
પાસે રહી ફજેત કરાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૬
કાયાના બાપને એવું કહેતો, સાંભળતાં ચઢે ક્રોધ,
હું જગતાતનું વગોણું કરે, તેવાનો સાંભળે બોધ;
કળી માહારો શત્રુ હસાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૭
જગત ભક્ત જાણો છો સરવે, હું છું સૌનો નાથ,
સ્થાનક બેઠો ધારૂં તે કરૂં, સૌની દોરી મુજ હાથ;
છતાં પંડયો પન્ડ ફસાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૮
નીચાં કામ ને નીચાં લાન્છન, વિના ગાઓ ચરીત્ર,
આતો મુજને નીચું ઘલાવ્યું, બનાવ્યો અપવિત્ર;
કરી અપકીર્તિ ડુબાવ્યો રે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૧૯
ભ્રષ્ટજ શ્રોતા ભ્રષ્ટજ વકતા, તે નહી માહારા દાસ,
અંતઃકરણથી ઈશ્વર કહુ છું, નર્ક હજો તમ વાસ;
સુર્યસુત સાક્ષી રખાવ્યોરે, પ્રભુએ સંદેશો કહાવ્યો રે. ૨૦

પદ ૪ થું.

રાગ ઉપરનો.

કહે શ્રી કૃષ્ણ પોકારી રે, માન્યો મને ભક્તે ભીખારી રે. ટેક.
મુજ અવતારોની મુર્તિયો કરી, ઠેર ઠેર સ્થાપી ઠીક,
ભોળાની પાસે બેઠો મુકાવી, મંગાવી મુજ કને ભીખ;
કેવી ઈજ્જત વધારી રે, ઠરવ્યો મને ભક્તે ભીખારીરે. ૧

જોગી ભોગી ભટીયે ચટીયે, મપાવ્યું માહારૂં માપ,
લક્ષ્મી પતી છતાં મુજને, ભીક્ષુક કર્યો આ બાપ;
ક્ષત્રી વર્ણ લજાવી મારીરે, માન્યો મને ભગ્તે ભીખારી રે. ૨

અયોધ્યા પતી દ્વારીકાં પતી, રાઘવ જાદવ કુળ,
હું શું ભીક્ષુક ઘરમાદા લૌછું, કુળમાં નાંખી ધુળ;
કેવી કરી આબરૂ મ્હારી રે, જાણ્યો મને ભગ્તે ભીખારી રે. ૩

લક્ષ્મી માહારા ચર્ણની દાસી, વૈકુન્ઠ માહારો વાસ;
માહારે ઘેર શું ખાવાનું ખુટયું, શું વળ્યું સત્યાનાશ,
ગયો શું સટ્ટામાં હારી રે, ગણ્યો મને ભગ્તે ભીખારી રે. ૪

ભોળા માણુસ ભરમાએલા, નાંખે પૈસો પઈ,
શું તેમના કરતાં છું ગરીબ, અક્કલ કયાં વેચઈ.
ભટ્ટે સ્વાર્થ લીધો સારી રે, માન્યો મને ભગ્તે ભીખારી રે. ૫

સુદામા સરખાની મેં ભીડ ભાગી, છતાં ગણ્યો ગરીબ,
થાળી વાટકા મુજને અરપે, શું મને ના મળી ઠીબ.
માહારી દુરદશા ધારી રે, જાણ્યો મને ભગ્તે ભીખારી રે. ૬

પ્રસાદમાં પેહેલી તુળશી મુકે, પછી ધરે મને થાળ,
સ્રીનું આરોગેલું હું કેમ જમું, નથી હું ગાંડો ગોપાળ.
થયું જગ્ત અવીચારી રે, ગણ્યો મને ભગ્તે ભીખારીરે. ૭

કાપડુ શીવતાં કટકો વધે તો, શીવે વાઘો થઈ મગ્ન,
મુજને ઢાંકી ઇજ્જત રાખી, શું હું ફરતો તો નગ્ન.
જુઓ મ્હારી ગરીબૈ વીચારીરે, માન્યો મનેભગ્તે ભીખારીરે. ૮

શણુગારમેં સ્વપને ન દીઠેલા, કંગાલ હું કીરતાર,
તેથી લોકે શણુગાર કીધા, મુજથી સૌ પૈસાદાર,
હું તો ગરીબ મોરારી રે; માન્યો મને ભગ્તે ભીખારી રે. ૯

રાણુમાળા મગમાળા પેહેરે, પોતાનો પરીવાર,
તેમને કંચન માહારે માટે, ચનોખડીના હાર.
જુઓ કેવી કિંમત ભારી રે, માન્યો મને ભગ્તે ભીખારીરે. ૧૦

અજ્ઞાની ભગ્તે માહારા નામને, ચઢાવ્યું ચગડોળ,
માહારી આગળ પાથરે બાજી, પાસાને સોગટાં સોળ.
બરોબર જાણ્યો જુગારીરે, માન્યો મને ભગ્તે ભીખારીરે. ૧૧

મનુષ આયુષ્ય સોસો વરસનો, તેમને કેટલો હર્શ.
અલ્પ આયુશનો ગણીયો મુજને, જન્મુ વર્શો વર્શ.
નાંખે પારણે બાળ ધારીરે, ગણ્યો મને ભગ્તે ભીખારી રે. ૧૨

દાહાડે ઉંઘાડે રાતે ઉંઘાડે, એવી શું મુજમાં એદ;
કમાડ વાસી તાળાં મારે, કરે છે મુજને કેદ.
એવી શી ગુનેગારી રે, માન્યો મને ભગ્તે ભીખારી રે. ૧૩

ગોપીકા સંગે રંગે રમીયો, એવું ચઢાવ્યું આળ,
અગીઆર વર્શને બાવન દનનો, ગોકુળમાં હું બાળ.
છતાં ગણ્યો વિભીચારી રે, માન્યો મને ભગ્તે ભીખારીરે. ૧૪
બાલ્યાવસ્થામાં નામજ માહારૂ, પાડયું તું નંદકીશોર,
મહીમાંખણ વીનોદે લીધેલાં, ઠરવ્યો માંખણ ચોર.
કેવી કરી આબરૂ નઠારી રે, માન્યો મને ભગ્તે ભીખારીરે. ૧૫

બાધા આખડી રાખે રળવા, લાલચુ લોકની ટેવ,
સ્વારથ સારૂ પરઠણ પરઠે, શું હું લાંચીયો દેવ.
મારૂ માહારે પેટ કટારી રે, જાણ્યો મને ભગ્તે ભીખારીરે. ૧૬
પાંચસો માગી પાંચજ પરઠે, શું થાઉં ખુશી મોરાર,
પાંચ લેઈને પાંચસો આપું, શું માહારો ઉંધો વ્હેપાર,
અક્કલ કયાં ગઇ છે મારીરે,ઠરવ્યો મને ભગ્તે ભીખારીરે. ૧૭
પૈસો માગે પરીવાર માગે, માગે ભલુ ઘર સુત્ર,
વૈકુન્ઠ માહારે પરીવાર નથી, તો કયાંથી આપુ પુત્ર.
જગ્તે હોઢી છે અંધારીરે, ઠરવ્યો મને ભક્તે ભીખારી રે. ૧૮
કળયુગે કુબુદ્ધી આપી, અવળા વહ્યા સૌ જીવ,
લક્ષ્મી પતીને ગણ્યો ભીખારી, ભીખારી શકતીને શીવ,
દુનીયાં ડુબવાની છે ત્યારીરે,માન્યો મને ભગ્તે ભીખારીરે. ૧૯
બાળલીલા માહારી કરી દેખાડે, કદમ લીલાનો કેશ.
વણ છીદ્રોનાં છિદ્રો ઉઘાડે, ભજવે છે ભુંડો વેશ.
પડી સમજણ બહુ સારી રે,ઠરવ્યો મને ભગ્તે ભીખારી રે. ૨૦
ન્યાય વિનાના અક્કલે ઓછા, નહી વિવેક વિચાર,
અજ્ઞાનનો અંધાપો અંતર, આવ્યો છે અપરંપાર,
કર્યો ત્રૈણેને લાચારી રે, ઠરવ્યો મને ભક્તે ભીખારી રે. ૨૧
શું મહારી શકતી શું માહારો મહીમા, શું માહારૂ સામર્થ,
માહારી ગતીની ગમ નથી તેનાં, કર્મને ધર્મ છે વ્યર્થ.
સત્સંગ વિના અવિચારીરે, ઠરવ્યો મને ભગ્તે ભીખારીરે. ૨૨

ઉંધા ભગ્તો ઉંધા આચાર્યો, ઉંધા સાધુને સંત,
ઉંધા વિપ્રો ઉંધા વિદ્વાન, ઉંધો પકડયો છે પંથ.
કળીની છે બલીહારી રે, ઠરવ્યો મને ભટ્ટે ભીખારી રે. ૨૩
પ્રેરણા વલ્લભ કરૂ છું તુને, દે સહુ જીવને બોધ,
ત્રીજે અવતાર વ્યાસનો તારો, તું છે ધર્મનો સોધ.
કહુ છું ગીરીવરધારી રે, ઠરવ્યો મને ભટે ભીખારી રે. ૨૪

પદ ૫ મું.

રાગ સોહદનો.

બ્રંહામાતા વિષ્ણુને કેહે છે રે, ચોધારે આંસુ વહે છે રે; ટેક
તમે માહારૂ સત્ય છોડાવ્યું, જાણ્યું જગ્તે પ્રતક્ષ,
તમને મેં પાશાણુ બનાવ્યા, તમે બનાવી વ્રક્ષ.
તેથી તમ શેવામાં લે છે રે, ચોધારે આંસુ વહે છે રે. ૧
તમારી શેવા ધન ભાગ્ય માહારૂં, તેથી રેહેતીતી મગ્ન,
અંગીકાર કરેલી તમારી, લોકો કરાવે છે લગ્ન.
ફરીશું નાતરે દે છે રે, ચોધારે આંસુ વહે છે રે. ૨
માહારૂં તમારૂં સામા સામી, મેળવે વેવીશાળ,
તે આપણાં વડીલો બને છે, શું આપણે બેઉ બાળ,
લગનનો લ્હાવો લે છે રે, ચોધારે આંસુ વહે છે રે. ૩
માહારી માંજરો તે ગર્ભ માહારો, તેથી વધે મુજ વંશ,
તે ગર્ભ કાચાને કાચા તોડે, જેવો મામો કંશ,
પાપ તે પુન્ય માને છે રે, ચોધારે આંસુ વહે છે રે. ૪

માંજરનાં બીજ ગરી પડીને, નવી તુળશી થાય,
તેતો પરીવાર મ્હારો તમારો, દીકરીઓ કેહેવાય,
સગાઈ તે સર્વ જાણે છે રે, ચોધારે આંસુ વહેછે રે. ૫
તે તુળશી પરીવાર આપણો, તેમાં પણ કરે પાપ,
લગ્ન લેઈ તમને પરણાવે, શું બેટી સાથે બાપ,
તેતો મને બળની ચ્હેછે રે, ચોધારે આંસુ વહે છે રે. ૬
મ્હારા અંગે માંજર પત્રો, કુમળાં કુમળાં થાય,
શંખણીનાં જટીયાં ઉઝરડે, તેમ ઉઝરડી ખાય,
ખાઇ પેટમાંજ ભરે છે રે, ચોધારે આંસુ વહેછે રે. ૭
પેટમાં નાંખી વિષ્ટા ભેગી, કાઢે ગુદા દ્વાર,
હું પવિત્રને નર્કમાં પાડે, ધીક્ક માહારો અવતાર.
કેવું ભુંડુ કૃત્ય કરે છે રે, ચોધારે આંસુ વહે છે રે. ૮
ન કરવાનાં કામ કરે છે, ચલવ્યું ચાલ્યું તેમ,
તમ પાલે પડી તોહે મુજને, લોક કરે એમ કેમ,
વ્યાસ ત્રાસ પોકારે છે રે, ચોધારે આંસુ વહે છે રે. ૯

પદ ૬ ઠું.

રાગ ઉપરનો.

જુઓ કળીયુગની કૃતીરે, કહે શીવ સુણો પાર્વતીરે. ટેક
કળયુગે કુબુદ્ધી આપીને, દુનીયાં કરી અચેત,
મને ને તમને વગોવી માર્યાં, ફોગટ કર્યાં ફજેત.
મરીયાદા ન રાખી સ્તીરે, કહે શીવ સુણો પાર્વતીરે. ૧

સંત મહાનંતને આચાર્યો એ, જુઠી ચલાવી ઢીંગ,
શીવાલયનું ન જાણ્યું સ્થાપન, ઠેરવી બેસાડયું લીંગ,
સાથે તમે ગવાયાં સતીરે, કહે શીવ સુણો પાર્વતીરે. ૨

ખરૂં રહસ્ય માહારૂ તમારૂં, તે કરી નાંખ્યું ગેબ,
આખુ જગ જળાધારી બોલે, વિદ્વાને ઠરવી એબ.
કેવી પેશી ગઇ છે કુમતી રે, કહે શીવ સુણો પાર્વતી રે. ૩

અળગું આસન ગોખમાં તારૂં, વચ્ચે હું દેવલ મેં,
આપણી પાસે સુધ બુધ વહુઓ, આંખ્યો શું ફુટી ગૈ,
વળી સાથે સુત ગણપતી રે, કહે શીવ સુણો પાર્વતી રે. ૪

આપણું કુટુંબ ઠરવ્યું નીર્લજ, બેઠેલાં સરવે સાથ,
મેં લઘુશંકા પુંજાવી શું, ગાંડો હું ભોળો નાથ;
કીધી માહારી કેવી ગતી રે, કહે શીવ સુણો પાર્વતીરે. ૫

માહારા ઉપર મુખ પેહેરાવે, ચંદન કરે કપોળ,
તે છતાં લઘુશંકા ઠરવી, કેવું ચલવ્યું ગપોળ;
માહારી મહતા રહી જતીરે, કહે શીવ સુણો પાર્વતી રે. ૬

કેવા વિપ્રો કેવા વિદ્વાન, કેવાં મુક્યાં છે આળ,
લીંગ ખાતુ હશે કે વારૂ, જમવા મુકે છે થાળ;
આગળ આ વાત કયાં હતી રે, કહે શીવ સુણો પાર્વતી રે. ૭
જળાધારીને ચોની કહે છે, તમને લગાડયો ડાગ,
એબ ઉપર શું સમજી બેસાડે, પર નર કાળો નાગ;
જ્ઞાનીને તે દુઃખ અતીરે, કહે શીવ સુણો પાર્વતી રે. ૮

સવળું કરે છે ને અવળું વદે છે, નહી થાય માહારી મ્હેર,
વલ્લભની ભાવના છે જુદી, કળીએ કીધો છે કહેર;
ધર્મ નામ ગયું પતી રે, કહે શીવ સુણો પાર્વતી રે. ૯

આ પદને અનુસરતુ શીવલીંગ શંકા નામનું પુસ્તક વાંચવા લાયક છે તે મંગાવી વાંચવું.

પદ ૭ મું.

રાગ ઉપરનો.

રૂદન કરે અંબા માડીરે, મુર્ખે માહારી મહત્તા ઘટાડીરે. ટેક.
માતા માનેને કહે અલબેલી, આદરે અવળાં કાજ,
મ્હારા મંડપમાં ભવાઇ ભજવે, રાખે નહી રતી લાજ;
કેવા નીવડયા છે અનાડી રે, મુર્ખે માહારી મહત્તા ઘટાડી રે. ૧
ભવાઇમાં એક નર બને ને, બીજો બને છે રાંડ,
ઉર હાથ નાંખે ચુંબન કરે, મોઢેથી બોલે ભાંડ;
હું તે એની માડી કે લાડીરે,મુર્ખે માહારી મહત્તા ઘટાડી રે. ૨
કાયાની માની મર્યાદ રાખે, માહારી નહી તલભાર,
પેટ કોહ્યું ત્યાં પાટો કયાં બાંધું, ધીક મ્હારો અવતાર,
પ્રતીષ્ટા મુકી પછાડી રે, મુર્ખે માહારી મહત્તા ઘટાડી રે. ૩
વામ મારગી ભક્ત થયા છે, અંતરમાં હરામ,
વ્યસન કરતાં બતાવે માહારૂં, નામને એમનું કામ;
પીએ દારૂને તાડી રે, મુર્ખે માહારી મહત્તા ઘટાડી રે. ૪

માંશઆહારી મદ્ય પાની ઠરાવી, જેમાં નહી મુજ લક્ષ,
હત્યા કરે પોતાને માટે, માતાજીને દો ભક્ષ;
કહી માર્યાં પાડા પાડી રે, મુર્ખે માહારી મહત્તા ઘટાડી રે. ૫
ગરીબ બકરાં તે પણ માહારાં, લાવીને કરે હોમ,
મુજથી દેખી નથી ખમાતું, ઉભાં થાય છે રોમ;
મોઢું કયાં દઉ સંતાડી રે, મુર્ખે માહારી મહત્તા ઘટાડી રે. ૬
દુધ સાકર ઘ્રતની ખાનારી, તેને ઠરાવી દુષ્ટ,
એ વાત મુંરખે માની સાચી, કળયુગે કીધા પુષ્ટ;
બોલું કેટલુંક બરાડી રે, મુર્ખે માહારી મહત્તા ઘટાડી રે. ૭
કળયુગના જીવ કર્મ કુટેલા, ચઢયા છે અવળે પંથ,
વલ્લભ તું શીખામણ દેજે, આવ્યો અવનીનો અંત;
મળશે ચોરાશીની ખાડી રે, મુર્ખે માહારી મહત્તા ઘટાડી રે. ૮

પદ ૮ મું.

રાગ ઉપરનો.

નવાઈની વારતા જાણી રે, થઈ એક આકાશ વાણી રે. ટેક
આકાશ વાણી એવી થઈ છે, તેની નહી કોને ગમ,
કળયુગે સરવેમાં પ્રવેશી, સૌ જીવ ઠરાવ્યા બ્રહ્મ;
કર્યા ધર્મોને ધુળ ધાણીરે, થઈ એક આકાશ વાણીરે. ૧
કળયુગે સંત માહાનંત થઇને, કાહાડયો અદ્વૈત બોધ,
તે બોધ હાએ હા ના કરીએ તો, ચઢે મહાત્માને ક્રોધ.
તામસ કરે મુમત તાણીરે, થઈ એક આકાશ વાણી રે. ૨

હીરણ્ય કશ્યપ જીવતો થયો, પ્રલ્હાદજીનો બાપ,
હું તમે ઇશ્વર બીજો ક્યાં છે, જપાવે પોતાનો જાપ,
ગુરૂ થઈ બેસે સેલાણીરે, થઈ એક આકાશ વાણી રે. ૩
જીવાત્માને નીરદોશ ઠરાવ્યો, ઇંદ્રીઓ લે વૈભોગ,
એમ કહીને ભોગ ભોગવવા, સાચવવા સંયોગ.
વિચારવણ દુનીયા દોરાણી રે, થઈ એક આકાશ વાણી રે. ૪
ધરમ કરમ કરવાં પડે તે, સદાનો સંતાપ,
જેમ કરે તેમ કરતાં ફાવે, થઈ બેઠા ઈશ્વર આપ.
સર્વજ્ઞની શી એધાણી રે, થઇ એક આકાશ વાણી રે. ૫
ગીતાજીના સોળ અધ્યાયનો, જુઓ ચૌદમો શ્લોક,
સોળમા શ્લોકમાં ઇશ્વર હું છું, કે' તેને નર્ક અથોક,
કહ્યું કૃષ્ણે સત્ય નાંણીરે, થઈ એક આકાશ વાણી રે. ૬
આત્માને પરમાત્મા ઠરવ્યા, જીવ ઠરાવ્યા શીવ,
જીવને શીવ જુદા ન હોયે તો, નામ કયાંથી થયું જીવ,
અંતરયામી પણુંદો આણી રે, થઈ એક આકાશ વાણી રે. ૭
સર્વ શકતીવાળો સરવેશ્વર, તે સત્તા કોણ પાસ,
તેમાંનું લક્ષણ એક બતાવો, તો થાય દુનીયા દાસ.
ભણ્યા પર ફેરવ્યું પાણી રે, થઈ એક આકાશ વાણી રે. ૮
કદી કેહેશો અજ્ઞાન પેંઠુ, તેથી ભુલ્યો મુળ ભાન,
મુળજ્ઞાન સ્વરૂપ એક હતું ને, કયાંથી ઉઠયું અજ્ઞાન,
કીયા ગ્રંથથી વાત આણી રે, થઇ એક આકાશ વાણી રે. ૯

જ્ઞાનમય ઇશ્વર અને અજ્ઞાન, શું હતાં પ્રથમ બેઉ,
બેઉ હતાં તો અદ્વૈત ખોટું, કેઈ વાત માની લેઉ.
કૈંહો પુસ્તક પુરાણી રે, થઈ એક આકાશ વાણી રે. ૧૦
રામજી કૃષ્ણજી મચ્છા કચ્છા, વ્યારાને નરસીંગ,
તે તમે હતા કે બીજા હતા, કાંકો' પુરાણોની ડીંગ.
ઉત્તર દ્યો સમજણ શાણી રે, થઈ એક આકાશ વાણી રે. ૧૧
પોથાં થોથાંમાં ગોથાં ખાધાં, ન જાણ્યો વડો વેદ,
ગ્રંથગીતાનો ભાવ ન સમજ્યા, ન જાણ્યો વેદનો ભેદ.
ફર્યા કર્યા ગ્રંથોમાં ઘાણી રે, થઈ એક આકાશ વાણી રે. ૧૨
પુસ્તકનો આધાર ગ્રહીને, બુદ્ધી પાડી બંધ,
ગ્રંથરૂપી જેષ્ટીકા ઝાલી, ચાલ્યો અજ્ઞાન અંધ.
કુમતે વિદ્યા વિખાણી રે, થઇ એક આકાશ વાણી રે. ૧૩
વિચાર વિવેકે અનુભવ્યા વણ, અક્કલના અજ્ઞાન,
આપોઆપ ઇશ્વર થઈ બેઠા, ભુલ્યા બ્રહ્મનું ભાન.
જ્ઞાનવણ એક આંખ કાણીરે, થઈ એક આકાશ વાણીરે. ૧૪
આત્મા તમે પરમાત્મા હોતો, દરશણદો મહારાજ,
સૌ એક છીએ તો શીદ પાય પડીએ, શી મરીયાદા શી લાજ,
સરવેની એક કમાણી રે, થઇ એક આકાશ વાણી રે. ૧૫
પરોક્ષમાને તે જન કીયો, અપ્રોક્ષ કેહેતે કોણ,
કોનું કહેલું કોને કહો છો, જાણવા આતુર હોણ.
કૃપા કરો સાળંગ પ્રાણી રે, થઈ એક આકાશ વાણીરે. ૧૬

પશુમાં પક્ષીમાં સરવેમાં તમે, બતાવો ઈશ્વર કૃત,
ન્યારા સ્વરૂપે દરસણ આપો, લેઈએ ચરણા ગ્રત,
અજ્ઞાન વ્યાસ ઉર્મિ ભરાણી રે, થઇ એક આકાશ વાણીરે. ૧૭

પુષ્ટી પદ.

કયાંથી આ સંભળાય મધુર સ્વર. એ રાગ.

કયાંથી આવે અજ્ઞાન, ઇશ્વરમાં, કયાંથી આવે અજ્ઞાન. ટેક૦
આત્મા તે પરમાત્મા છે તો, કીયા કારણ ભુલ્યો ભાન. ઇ૦ ૧
સુર્યમાં અંધકાર કઈ પેર પેઠો, વિચારી લ્યો વિદ્વાન. ઈ૦ ૨
સત્યમાં અસત્ય કદી ન સંભવે, ન્યાય રીતે દો ધ્યાન. ઇ૦ ૩
માયાતીત કેમ સંભવે માયામાં, સમજી લ્યો આ સાન. ઇ૦ ૪
જ્ઞાનને અજ્ઞાન વળગી પડીયું, એવું કેવું તે બળવાન. ઈ૦ ૫
વ્યાસ વલ્લભ વદે અદ્વૈત છે તો, કયાં અજ્ઞાનને જ્ઞાન. ઈ૦ ૬

સમાપ્ત

સુચના.

માહાભારથ વિગેરેના કર્તા વ્યાસજી માહારાજ વલ્લભરામ સુર્યરામ તેમનાજ રચેલાં જ્ઞાનમય પુસ્તકોની યાદી.

જ્ઞાનમય પુસ્તકોનું લીસ્ટ.

	રૂ.આ.પા.		રૂ.આ.પા.
ભાવાર્થ પ્રકાશ.	૧—૮—૦	વય વીચાર.	૦—૧—૦
મોક્ષમારગી ભગવદ્‌ગીતા.	૦—૧૨—૦	ધર્મ ચાનક.	૦—૧—૦
વિજ્ઞાનવલ્લભ.	૦—૮—૦	જ્ઞાનગોષ્ટી.	૦—૧—૦
વલ્લભ પદમાળા.	૦—૧૪—૦	શીવલીંડ શંકા.	૦—૧—૦
વચનવલ્લભ વધારા સાથે.	૦—૧૩—૦	શીવલીંડ શંકાનુંસમાધાન.	૦—૧—૦
વલ્લભ વિષ્ટી.	૦—૭—૦	નવરાત્રીના ગરબા	૦—૧—૦
શંકા સમાધાન. }	૦—૧૦—૦	પ્રણુવપટ નાનો.	૦—૧—૦
ન્યાય વલ્લભ. }		પ્રણુવપટ જાડો મોટો.	૦—૪—૦
ચેતવણી.	૦—૮—૦	પ્રણુવપટ મોટો.	૦—૨—૦
બ્રહ્મવાદ ખંડન.	૦—૪—૦	ત્યાગીના પત્રો.	૦—૦—૬
બ્રાહ્મણ શુદ્રનો સંવાદ.	૦—૨—૦	મહારાજશ્રીની છબી.	૦—૨—૦
ત્યાગ તારણ.	૦—૧—૦		

આ પુસ્તકો કર્મ, ઉપાસના અને જ્ઞાનનાં આપવાવાળાં તેમજ જ્ઞાન, વૈરાગ્યને ભક્તિને દૃઢ કરાવવાવાળાં છે માટે પોતાની સમજણનું અભિમાન મુકી દઇ આ પુસ્તકોને અનુભવો

આ મહારાજશ્રીનો સમાગમ કરવા યોગ્ય છે. અને જેણે જેણે એમનાં પુસ્તકો જોયાં છે અથવા પ્રત્યક્ષ સત્સંગ કર્યો છે તેનેજ અનુભવ થએલો છે.

લી. વ્યાસ, રઘુજીલાલ વલ્લભરામ.